# હવે AI પ્લેટફોર્મ માટે વિકિપીડિયાનું કન્ટેન્ટ વપરાશે

તમને ખબર છે, વિશ્વની સૌથી વધુ વિઝિટેડ વેબસાઈટ કઈ છે? ગૂગલ ડોટ કોમ એ દુનિયાની સૌથી વધુ યુઝર્સ દ્વારા મુલાકાત લેવાતી વેબસાઈટ છે. પછીના ક્રમે ગૂગલની જ માલિકીની યુટ્યૂબ ડોટ કોમનો સમાવેશ થાય છે. એ પછીના ક્રમે ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, ચેટજીપીટી, રેડિટ, એક્સ પ્લેટફોર્મ વગેરેનો ક્રમ આવે છે. આ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ્સની વચ્ચે એક કન્ટેન્ટની વેબસાઈટ ટોપ-10માં સ્થાન મેળવે છે. કોઈ ન્યૂઝની વેબસાઈટને પણ જે સ્થાન નથી મળ્યું એ સ્થાન મળ્યું છે વિકિપીડિયા ડોટ ઓઆરજીને.

આ વિકિપીડિયાની સ્થાપનાને હજુ થોડા સમય પહેલાં જ ૨૫ વર્ષ થયાં. પ્લેટફોર્મમાં ઓનલાઈન જાહેરાત વગર વિકિપીડિયા ફ્રી કન્ટેન્ટ આપે છે. અત્યાર સુધી અનેક ઓફર છતાં વિકિપીડિયાએ જાહેરાતો પ્લેટફોર્મ પર લીધી નથી. કેટલીય કંપનીઓએ આ વેબસાઈટ અથવા આખું ફાઉન્ડેશન ખરીદી લેવાની તૈયારી પણ બતાવી છે છતાં વિકિપીડિયાએ યુઝર્સને ફ્રી કન્ટેન્ટ આપવાની પૉલિસી જાળવી રાખી. વિકિપીડિયાએ શરૂઆતમાં કન્ટેન્ટ માટે એક ધોરણ જાળવી રાખ્યું હતું પરંતુ પછીથી એમાં એડિટિંગની મોકળાશ ઘણાં યુઝર્સને મળતી હોવાથી માહિતીમાં ગરબડની ફરિયાદો પણ ઊઠતી રહે છે.

આ બધું છતાં વિકિપીડિયા સૌથી વધુ માહિતી પીરસતી વેબસાઈટ છે. દુનિયાનાં કોઈ પણ વિષયની માહિતી વિકિપીડિયામાં સરળ ભાષામાં, એક ચોક્કસ ફોર્મેટમાં હાજર હોય છે. ઓર્ગેનાઈઝેશને એમાં એક સાતત્ય જાળવ્યું હોવાથી પણ યુઝર્સને સરળ પડતું હતું પરંતુ છેલ્લા થોડા સમયથી આ કન્ટેન્ટનો ખજાનો ધરાવતા પ્લેટફોર્મ સામે નવી મુશ્કેલી ખડી થઈ હતી. AI પ્લેટફોર્મના કારણે આ ઓનલાઈન એન્સાઈક્લોપીડિયાના યુઝર્સમાં ૮%નો ઘટાડો નોંધાયો છે. અનેક યુઝર્સ જે માહિતી માટે વિકિપીડિયાની મુલાકાત લેતા હતા તે AI ને પૂછે છે. ચેટજીપીટી, જેમિનાઈ, ગ્રોક જેવા પ્લેટફોર્મ્સમાંથી માહિતી સરળતાથી મળી જતી હોવાથી વિકિપીડિયા પરની નિર્ભરતા ઘટી છે.

AI એજન્ટ્સના વધતા દબદબા વચ્ચે દુનિયાના સૌથી વિશાળ ઓનલાઈન એન્સાઈક્લોપીડિયાએ થોડા સમય પહેલાં ૨૫મો સ્થાપના દિવસ ઉજવ્યો હતો. વિકિપીડિયામાં ૩૦૦ ભાષાઓમાં સાડા છ કરોડ આર્ટિકલ્સ છે અને અઢી લાખ લોકો વોલેન્ટરી આર્ટિકલ્સ ઉમેરવાનું, સુધારવાનું કામ કરી રહ્યાં છે. ક્રાઉડફંડિંગથી ચાલતું આ પ્લેટફોર્મ છેલ્લા કેટલાક સમયથી AI પ્લેટફોર્મ્સ સામે ઝઝૂમી રહ્યું છે.




**તમને જાણીને નવાઈ લાગશે કે સૌથી વધુ ઓનલાઇન સામગ્રી ધરાવતું વિકિપીડિયા અત્યાર સુધી ક્રાઉડ ફંડિંગથી યુઝર્સને કન્ટેન્ટ આપ્યું હતું પરંતુ હવે ટેકનોલોજીની મોટી કંપનીઓ સાથે કરાર થયો છે એ પ્રમાણે એની સામગ્રી AI માટે વપરાશે**

આવી સ્થિતિમાં વિકિપીડિયાએ બિગ ટેક કંપનીઓ સાથે કન્ટેન્ટ આપવાનો કરાર કર્યાની જાહેરાત કરી હતી. વિકિપીડિયાના સ્થાપક જિમી વેલ્સે જણાવ્યું હતું કે ગૂગલ, મેટા, માઈક્રોસોફ્ટ, પરપ્લેક્સિટી જેવા પ્લેટફોર્મ હવે વિકિપીડિયાની સામગ્રી પરથી AI મોડલ્સને તાલીમ આપશે. આ વાત બહુ મહત્ત્વની છે. AIમાં જે ઓપનસોર્સમાંથી માહિતી આવે છે તેના બદલે વિકિપીડિયાએ એડિટિંગનું એક ધોરણ તો ચોક્કસ જાળવ્યું છે, ભલે એમાં માનવક્ષતિની ફરિયાદો ઊઠે છે તે છતાં સરવાળે માહિતી સાચી હોય છે. કારણ કે માહિતી સાથે તેનો ઓથેન્ટિક સોર્સ મૂકવો પડે છે. તેના કારણે AI યુઝર્સને વધારે ઓથેન્ટિક માહિતી આપશે.

**ટેક-ટોક**

**★ આનંદ ગાંધી**

વિકિપીડિયાને ગૂગલ સાથે ૨૦૨૨માં જ કન્ટેન્ટ આપવાનો કરાર થયો હતો. એ પછી મેટા, એમેઝોન, માઈક્રોસોફ્ટે પણ કરાર કર્યા છે અને તે સિવાયના AI પ્લેટફોર્મ વિકિપીડિયા સાથે ડીલ કરી રહ્યાં છે. એ પ્રમાણે હવે આ AI પ્લેટફોર્મ વિકિપીડિયાની સામગ્રીનો ઉપયોગ કરશે. યુઝર્સને માહિતી આપવા માટે વિકિપીડિયાના સોર્સનો ઉપયોગ કરવાની સાથે સાથે મોડલ્સ બનાવવામાં પણ આ કંપનીઓ વિકિપીડિયાની સામગ્રી ઉપયોગમાં લેશે. AI મોડલ્સને ફીડ કરીને માહિતી આપવી પડે છે. તેના આધારે એ યુઝર્સને માહિતી આપે છે. એમાં હવે વિકિપીડિયા મહત્ત્વની ભૂમિકા ભજવશે. વિકિપીડિયા આ કંપનીઓને માહિતી આપશે. બદલામાં આ કંપનીઓ તેમને ફંડ આપશે.

ઘણાં લોકોનો મત એવો છે કે આમેય AI કંપનીઓ ક્યાંકથી કન્ટેન્ટ મેળવીને તેમના AI ટૂલ્સને ફીડ કરશે જ, તેના બદલે જો વિકિપીડિયામાંથી કન્ટેન્ટ આવશે તો તેનાથી યુઝર્સને ફાયદો થશે. શક્ય એટલી સાચી માહિતી મળશે. વળી વિકિપીડિયા જેવું કન્ટેન્ટ આપતું ફાઉન્ડેશન ફંડ મેળવીને ટકી રહેશે.

જોવાનું રહેશે, આ કોમ્બિનેશનથી AI દુનિયામાં કેટલું પરિવર્તન આવશે.

---

## કહતે હૈં કિ ઉમ્મીદ પે જીતા હૈ ઝમાના
## વો ક્યા કરે જિસ કો કોઈ ઉમ્મીદ નહીં હો

**- આસી ઉલ્દની**

કહે છે કે આશા ઉપર જીવે છે દુનિયા, એ શું કરે જેને કોઈ આશા નહીં હોય. ઉમ્મીદ ઉપર જમાનો જીવે છે. કોઈ ઈચ્છા, કોઈ આશા, કોઈ ઉમ્મીદ માણસને જીવાડે છે. જે માણસને કોઈ ઉમ્મીદ નહીં હોય તે માણસ જીવે તો જીવે કઈ રીતે? માણસનું આખું જીવન જ કોઈ ઉમ્મીદને ભરોસે જીવાતું હોય છે. જ્યારે માણસને ચારેતરફથી નિરાશા ઘેરી વળે ત્યારે એક ઉમ્મીદની કિરણ જ તેના માટે હિંમત આપનારી સાબિત થાય છે. એક ઉમ્મીદ જ તમારા જુસ્સાને ટકાવી રાખવા ઉપયોગી બને છે. તમારા વજૂદનું કારણ કોઈ ને કોઈ ઉમ્મીદ જ હોય છે. કોઈ ઈચ્છા તમને કશુંક કરવા માટે પ્રેરે છે. કોઈ આશા તમને પોતાના માટે ક્યાં તો બીજાના માટે કશુંક કરવાની પ્રેરણા આપે છે. માણસને તેની અભિલાષા જીવાડે છે. તમારી સામે જયારે કોઈ આશા કે કોઈ ઉમ્મીદ નહીં હોય ત્યારે તમારી સામે અંધકાર પ્રસરી જાય. તમને કોઈ આશાનું કિરણ નજર નહીં આવે. આવા અંધકાર વચ્ચે જ માણસ તેની ઉમ્મીદ જીવાડતી હોય છે. એક ઉમ્મીદ તમને અંધકારમાંથી પ્રકાશ તરફ પ્રયાણ કરવાની હિંમત આપે છે. તમારી આસપાસના દરેક પ્રકારના અંધકારને દૂર કરવા આવી ઉમ્મીદ જરૂરી છે. દરેક વ્યક્તિને મુસીબતનો સામનો કરવો પડે છે. દરેક વ્યક્તિને કોઈ ને કોઈ મુશ્કેલીનો સામનો કરવો પડે છે. જયારે તમારી સામે કોઈ પડકાર હોય ત્યારે જ તમારી ખરી કસોટી થતી હોય છે. તમે પડકારનો સામનો કરવા માટે હિંમત રાખો એટલે જ અડધી બાજી તો તમે જીતી લો. કોઈ પણ સંકટ કાયમ રહી શકે નહીં. સંકટના સમયે ધૈર્ય રાખીને કોઈ ઉમ્મીદ રાખી આગળ વધો તો સંકટને દૂર થતાં વાર નહીં લાગે. સંકટ સમયે હિંમતથી ઝઝૂમવું એ જ તો જિંદગી છે. આવા સમયે તમારી હિંમત તમને બચાવે છે. તમને જીતાડે છે. માણસે જિંદગીમાં ક્યારે પણ હતાશ થઈને ઉમ્મીદ છોડવી જોઈએ નહીં. ઈશ્વરની કૃપા પણ આવી કોઈ ઉમ્મીદથી જ તમારા ઉપર વરસે છે. કાયમ આશાવાદી બનો.

**કેફિયત**

**★ હનીફ મહેરી**

